# Gujarat Public Service Commission

## PROVISIONAL RESULT

### List (Second) of Eligible Candidates for Application Scrutiny

### Advertisement No. 32/2016-17

**વંચાણે લીધી: આયોગની તા.06.05.2017ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી**

**1.** સહાયક મોટર વાહન નિરીક્ષક, **વર્ગ-3ની** જગ્યાએ ભરતી કરવા માટે **જાહેરાત ક્રમાંક: 32/2016-17 ના** સંદર્ભમાં આયોગ દ્વારા **તા. 24.12.2016ના** રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના આધારે **તા.06.05.2017 ના** રોજ અરજી ચકાસણીને પાત્ર કુલ: **508** ઉમેદવારોના બેઠક નંબરોની યાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ. આ અરજીઓની ચકાસણી બાદ, અનુ. જાતિ (મહિલા) કેટેગરી માટે, પર્યાપ્ત સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ ન થતા મેરીટ યાદી મુજબ વધુ કુલ: **02** બેઠક નંબરોની બીજી યાદી નીચે મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**2.** **અરજી ચકાસણી અને શારીરીક માપની તપાસણીને ને પાત્ર ઉમેદવારોના બેઠક નંબરો નીચે મુજબ છે.**

અનુ. જાતિ (મહિલા)

| | | |
|---|---|---|
| **101007581** | **102018851** | **TOTAL = 2** |

**3.** **નોંધ :-**

(૧) આ યાદીમાં સમાવિષ્ટ થવાથી કોઇ ઉમેદવારને પસંદગી યાદી કે પ્રતિક્ષાયાદીમાં સમાવેશ થવાનો હક્ક પ્રાપ્ત થતો નથી.

(૨) આ યાદીમાં સમાવેશ થયેલ દરેક ઉમેદવારોની પાત્રતા આ જગ્યાના ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમો, જાહેરાતની જોગવાઇઓ અનુસાર કરવામાં આવશે.

(૩) દરેક ઉમેદવાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે આ જગ્યા માટેની નિયત શૈક્ષણીક લાયકાત, ઉંમર, નિયત લઘુત્તમ શારીરિક ધોરણ ધરાવતો હોવો જોઇએ.

(૪) દરેક મહિલા અથવા પુરૂષ ઉમેદવાર ભરતી નિયમો તેમજ જાહેરાતમાં જણાવ્યા પ્રમાણેનું લઘુત્તમ શારીરિક ધોરણ ધરાવતા હોવા જોઇશે.

(૬) <u>ઉક્ત ઉમેદવારોએ અરજી ચકાસણી તેમજ શારીરિક માપની તપાસણી માટે તા: ૧૯.૦૧.૨૦૧૮ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સ્વખર્ચે આયોગની કચેરીમાં ઉપસ્થિત થવાનું રહેશે.</u>

(૭) શારીરિક માપ માટે જે ડૉક્ટરો નિમાયા હોય તેઓ દ્વારા જે માપ નોંધવામાં આવે તે માપ યોગ્ય રીતે લેવામાં આવ્યું હોવાનું ઉમેદવારે પ્રમાણિત કરવાનું રહેશે.

(૮) આયોગ દ્વારા નિમવામાં આવેલ બે ડૉક્ટરો દ્વારા લેવામાં આવેલ માપ બાબતે જો કોઇ ઉમેદવારને શંકા / અસંતોષ હોય તો તે સમયે જ ઉમેદવારે આયોગના અધિકારી / એપલેટ ઓફીસરને લેખિત રજૂઆત કરવાની રહેશે. માપ બાબતે પછીથી કોઇ રજૂઆત કે અસંતોષ ધ્યાને લેવામાં નહિ આવે.

(૯) આ જગ્યાની જાહેરાતમાં દર્શાવવામાં આવેલ જગ્યાઓની સંખ્યા (કુલ: ૧૬૦ જગ્યા) સંદર્ભે કુલ : ૧૬૦ (એકસો સાઇઠ) ઉમેદવારની મેરીટ અનુસાર આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

(૧૦) આખરી પસંદગી યાદી ઉપરાંત પ્રવર્તમાન નિયમોની જોગવાઇને આધારે ૫૦ ટકા જેટલી જગ્યાઓ એટલે કે, ૧૬૦ જગ્યા માટે પ્રવર્તમાન નિયમો / જોગવાઇઓના આધારે ૮૦ ઉમેદવારની પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

(૧૧) આ પાત્રતા ચકાસણીને પાત્ર જાહેર કરવામાં આવેલ ઉમેદવારો પૈકી આ યાદીમાંથી મેરીટક્રમ અનુસાર ૧૬૦ ઉમેદવારની પસંદગીયાદી તથા ૫૦ ટકા જેટલા (૮૦) ઉમેદવારની પ્રતિક્ષાયાદી માટે પુરતા યોગ્ય ઉમેદવાર પ્રાપ્ત થાય ત્યાર બાદ બાકી રહેતાં ઉમેદવારો આ જગ્યાના ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમો, આ જગ્યાની જાહેરાતની જોગવાઇઓ અનુસાર નિયત શૈક્ષણીક લાયકાત, ઉંમર, નિયત લઘુત્તમ શારીરિક ધોરણ ધરાવતા હશે તો પણ તેઓને પસંદગીયાદી કે પ્રતિક્ષાયાદીમાં સમાવવામાં આવશે નહિ.

**4.** અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ આ જાહેરાતના અનુસંધાને "ઓન-લાઇન" કન્ફર્મ થયેલ અરજી પત્રક (ફોટોગ્રાફ સ્પષ્ટ ના હોય તો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીપત્રક પર લગાવવાનો રહેશે. સહી સ્પષ્ટ ના હોય તો ફરીથી અરજીપત્રકમાં સહી કરવાની રહેશે.) અને <u>લાગુ પડતા જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રોની નકલ</u> નીચેના ક્રમાનુસાર

(1) જન્મ તારીખના પુરાવા માટે એસ. એસ. સી. ક્રેડીટ પ્રમાણપત્રની નકલ (જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં)

(2) નામ / અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સરકારી ગેઝેટની નકલ/ પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

(3) અનામત વર્ગ (અનુ. જાતિ, અનુ.જનજાતિ, અને સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ

(4) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનું ગુજરાતી નમુના મુજબનું પરિશિષ્ટ-ક અરજીપત્રકમાં દર્શાવેલ નંબર અને તારીખનું જ) રજૂ કરવાનું રહેશે. પરિશિષ્ટ-ક ના વિકલ્પે અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિં. અંગ્રેજીમાં Annexure-A (જે કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટે છે) તે માન્ય રાખવામાં આવશે નહીં. પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની માતા-પિતાના આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહીં.

(5) શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સા.વ.વિ.ના તા: ૦૧.૧૨.૨૦૦૮ ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન /મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર

(6) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ

(7) પરિણીત મહિલાઓના કિસ્સામાં લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર/ અટક અથવા નામ બદલાવેલ હોય તો તે અંગેના જાહેરનામાની નકલ

(8) વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ

(9) વર્ગ-3 ની જાહેરાત માટે રમતગમતના પ્રમાણપત્ર (જાહેરાતમાં દર્શાવેલ હોય તે નમૂનામાં)

(10) સ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક )

(11) સ્નાતક પદવી પ્રમાણપત્ર

(12) અનુસ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક ) (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(13) અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(14) તબીબી, દંત વિષયક અને પશુચિકિત્સા વિષયક જાહેરાતો માટે ઇન્ટર્નશીપ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(15) જે જાહેરાતમાં કાઉન્સિલનું રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં સંબંધિત કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોય તે નોંધણી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(16) પીએચડી પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(17) નેટ/સ્લેટ પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(18) વિદેશની યુનિવર્સિટી માંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ

(19) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો / પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(20) ગુજરાત સરકારની સેવામાં ફરજ બજાવતા કર્મચારીઓએ રૂબરૂ મુલાકાત સમયે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ સા.વ.વિભાગના તા.૦૮.૧૧.૧૯૮૯ના પરિપત્રથી નિયત થયેલ નમુનામાં “ના વાંધા પ્રમાણપત્ર” (અસલમાં) અચૂક રજુ કરવાનું રહેશે.

(21) અનુભવના પ્રમાણપત્રો (જાહેરાત મુજબ જરૂરી હોય તો ક્રમાનુસાર મેળવેલ અનુભવ, લાગુ પડતા સંવર્ગના કાર્યકાળની શરૂઆતથી પગારની વિગત, ફરજ/કામના પ્રકાર દર્શાવવાના રહેશે.)

(22) સંશોધનપત્રો (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(23) જાહેરાતની જોગવાઈ અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા/પ્રમાણપત્રો

**અચુક જોડીને તમામ વિગતો સાથે <u>તા.19.01.2018</u> ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આયોગની કચેરીમાં અરજી ચકાસણી અને શારીરીક માપની તપાસણી અર્થે સંયુક્ત સચિવશ્રી (R-6) સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.**

સ્થળ: ગાંધીનગર-382010 (ટી. એચ. સોની)

તારીખ: 15.01.2018 સંયુક્ત સચિવ

ગુજરાત જાહેર સેવા આયોગ